# 05 - વિજ્ઞાન અને ટેક્નોલોજી

101 નીચેનામાંથી કઈ ધાતુ ચુંબક વડે આકર્ષાતી નથી?
(A) એલ્યુમિનિયમ (B) નિકલ (C) કોબાલ્ટ (D) લોખંડ

102 ચુંબકની શોધ કયા દેશમાં થઈ હતી?
(A) ભારત (B) ઈંગ્લેન્ડ (C) ઈટલી (D) ગ્રીસ

103 કઈ વનસ્પતિનાં ફૂલો માત્ર રાત્રે જ ખીલે છે?
(A) પોયણાં (B) લજામણી (C) મોગરો (D) જાસૂદ

104 નીચેનામાંથી કયો પદાર્થ ક્ષાર છે, પરંતુ તટસ્થ પદાર્થ નથી?
(A) ધોવાનો સોડા (B) ખાંડ (C) સૂરોખાર (D) મીઠું

105 નીચેનામાંથી કયું બીજ દ્વિદળી છે?
(A) તુવેર (B) ઘઉં (C) મકાઈ (D) તલ

106 સંયુક્ત પર્ણ ધરાવતી વનસ્પતિ કઈ છે?
(A) વડ (B) પીપળો (C) લીમડો (D) આંબો

107 વિસર્પી પ્રકાંડ ધરાવતી વનસ્પતિ કઈ છે?
(A) કારેલી (B) બ્રાહ્મી (C) ગળો (D) ફૂદીનો

108 ધારદાર ખીલી કયા પ્રકારનું સાદુયંત્ર છે?
(A) ફાચર (B) ઉચ્ચાલન (C) સ્ક્રૂ (D) ઢાળ

109 ચંદ્ર પર સૂર્યનો જે પ્રકાશ પડે છે તેમાંથી કેટલા ટકા પ્રકાશ પરાવર્તન પામી પૃથ્વી સુધી પહોંચે છે?
(A) 50% (B) 93% (C) 7% (D) 3%

110 બોલનાર અને ધ્વનિનું પરાવર્તન કરનાર સપાટી વચ્ચેનું અંતર 17 મીટર કરતાં ઓછું હોય, તો પ્રતિધ્વનિનું શું થાય?
(A) મૂળ અવાજમાં ભળી જાય (B) બંને અવાજ જુદા–જુદા સંભળાય
(C) ઘોંઘાટ થાય (D) પ્રતિધ્વનિ ધીમેથી સંભળાય

111 ચુંબકની ચુંબકીય બળરેખાઓની ગીચતા સૌથી વધારે કયાં હોય છે?
(A) બંને ચુંબકીય ધ્રુવો આગળ (B) ચુંબકના વચ્ચેના ભાગમાં
(C) ચુંબકીય ક્ષેત્રની બહાર (D) ફકત S ધ્રુવ આગળ

112 આહારનો કયો ઘટક ચેપ સામે રોગપ્રતિકારક શકિત આપે છે?
(A) પ્રોટીન (B) વિટામીન (C) ખનીજક્ષાર (D) કાર્બોદિત

113 ખોરાકનો સંગ્રહ કરતું પ્રકાંડ કયું છે?
(A) શક્કરિયા (B) બટાકા (C) ડુંગળી (D) ગાજર

114 પાણીને 4° સે થી 0° સે સુધી ઠંડુ પાડતાં તેની ઘનતા પર શું અસર થાય છે?
(A) ઘનતા શૂન્ય થાય છે (B) ઘનતા ઘટે છે (C) ઘનતા વધે છે (D) કોઈ અસર થતી નથી

115 કોષની કઈ અંગિકા પ્રોટીન સંશ્લેષણમાં અગત્યનો ભાગ ભજવે છે?
(A) હરિતકણ (B) કણાભસૂત્ર (C) રિબોઝોમ (D) લાઈસોઝોમ

116 પદાર્થની સ્થિતિમાં ફેરફાર કરનાર બાહ્ય અસરને શું કહે છે?
(A) ગતિ (B) બળ (C) કાર્ય (D) વેગ

117 પિત્તરસ કોણ ઉત્પન્ન કરે છે?
(A) સ્વાદુપિંડ (B) યકૃત (C) જઠર (D) નાનું આંતરડું

118 પવન ચક્કીના કાર્ય માટે પવનની ગતિ ઓછામાં ઓછી કેટલા કિમી/કલાક હોવી જરૂરી છે?
(A) 4 (B) 8 (C) 10 (D) 16

119 આપણા શરીરના એક ચોસેમી ભાગ પર કેટલા ન્યૂટન જેટલું હવાનું વજન લાગે છે?
(A) 9.8 (B) 30 (C) 40 (D) 80

120 પુષ્પનો કયો ભાગ કીટકોને આકર્ષવાનું કાર્ય કરે છે?
(A) દલચક્ર (B) પુંકેસરચક્ર (C) પરાગકોશ (D) પુષ્પાસન

121 નીચેના માંથી શુષ્કફળ કયું છે?
(A) નારિયેળ (B) કપાસ (C) કેરી (D) જાંબુ

122 નીચેના પૈકી ખેતીની કઈ રીત હાઈડ્રોપોનિક્સ નથી?
(A) વોટર કલ્ચર પદ્ધતિ (B) સેન્ડ કલ્ચર પદ્ધતિ (C) ગ્રેવલ કલ્ચર પદ્ધતિ (D) હોર્ટિકલ્ચર પદ્ધતિ

123 બિલાડીનો ટોપ શું છે?
(A) લીલ (B) ફૂગ (C) બેકટેરિયા (D) પ્રજીવ

124 બીસીજીની રસી કયા રોગ સામે રક્ષણ આપે છે?
(A) કોલેરા (B) ટાઈફોઈડ (C) ક્ષય (D) શીતળા

125 પરાવર્તી ક્રિયાઓનું સંચાલન કોણ કરે છે?
(A) અગ્ર મગજ (B) પશ્ચ મગજ (C) મધ્ય મગજ (D) કરોડરજ્જુ

126 પ્રોજેસ્ટેરોન અંતઃસ્ત્રાવ ઉત્પન્ન કરતી ગ્રંથિ કઈ છે?
(A) સ્વાદુપિંડ (B) અંડપિંડ (C) શુક્રપિંડ (D) મૂત્રપિંડ

127 કોલસામાં ઊર્જા કયા સ્વરૂપે રહેલી હોય છે?
(A) ઉષ્મા ઊર્જા (B) પ્રકાશ ઊર્જા (C) રાસાયણિક ઊર્જા (D) સ્થિતિ ઊર્જા

128 મેલેમાઈન શું છે?
(A) કૃત્રિમ રેસા (B) થરમો પ્લાસ્ટિક (C) થરમોસેટિંગ પ્લાસ્ટિક (D) કાચ

129 કયા પ્રાણીઓના શરીરમાં વાતાશયો હોય છે?
(A) જળચર (B) ભૂચર (C) ખેચર (D) વૃક્ષારોહી

130 નીચેનામાંથી સૌથી વધુ વક્રીભવનાંક કોનો છે?
(A) પાણી (B) કાચ (C) હવા (D) હીરો

131 પ્રિઝમને કેટલી સપાટીઓ હોય છે?
(A) 3 (B) 4 (C) 5 (D) 6

132 કયા સૂક્ષ્મજીવને સજીવ અને નિર્જીવને જોડતી કડી કહે છે?
(A) પ્રજીવ (B) ફૂગ (C) બેકટેરિયા (D) વાઈરસ

133 આંખમાં વસ્તુનું પ્રતિબિંબ શાના પર રચાય છે?
(A) નેત્રમણિ (B) દ્દષ્ટિચેતા (C) નેત્રપટલ (D) કીકી

134 દૂધની થેલીઓ બનાવવા કયું પ્લાસ્ટિક વપરાય છે?
(A) પોલિથીન (B) પોલિસ્ટાયરીન (C) પોલિ વિનાઈલ કલોરાઈડ (D) બેકેલાઈટ

135 પદાર્થના જડત્વનું માપ શાના વડે દર્શાવાય છે?
(A) કદ (B) દળ (C) વજન (D) બળ

136 ‘G’ નું મૂલ્ય પ્રાયોગિક રીતે સૌ પ્રથમ કોણે મેળવ્યું?
(A) ન્યૂટન (B) આર્કિમિડિઝ (C) ગેલિલિયો (D) કેવેન્ડિશ

137 પદાર્થ પર લાગતું બાહ્યબળ બમણું કરવામાં આવે તો તેના પ્રવેગમાં શો ફેરફાર થશે?
(A) અડધો થશે (B) તેટલોજ રહેશે (C) બમણો થશે (D) ચારગણો થશે

138 કોઈ વ્યક્તિ 400 મીટરના પરિઘ વાળા વર્તુળાકાર પથ પર એક ચક્કર પૂરું કરતાં તેણે કેટલું સ્થાનાંતર કર્યું કહેવાય?

(A) 400 મીટર (B) 200 મીટર (C) 100 મીટર (D) શૂન્ય

139 જો ગતિમાન પદાર્થનો વેગ–સમયનો આલેખ સમયના અક્ષને સમાંતર એવી સુરેખા મળે છે તો તે પદાર્થની ગતિ કેવી હશે?

(A) સ્થિર (B) અનિયમિત (C) અચળવેગી (D) અચળ પ્રવેગી

140 25° C બરાબર કેટલા કેલ્વિન થાય?

(A) 273 (B) 248 (C) 298 (D) - 298

141 કયા કિરણોની ભેદન શકિત સૌથી વધારે હોય છે?

(A) $\alpha$ (B) $\beta$ (C) $\gamma$ (D) ક્ષ–કિરણો

142 માનવ શરીરમાં સૌથી મોટો કોષ કયો છે?

(A) ચેતાકોષ (B) યકૃતકોષ (C) મૂત્રપિંડ કોષ (D) સ્નાયુ કોષ

143 કોષમાં આત્મઘાતી કોથળી તરીકે કઈ અંગિકા ઓળખાય છે?

(A) લાયસોઝોમ (B) રિબોઝોમ્સ (C) રસધાની (D) કોમોઝોમ્સ

144 જલવાહક પેશીમાં જીવંત ઘટક કયો છે?

(A) જલવાહિનિકી (B) જલવાહક મૃદુતક (C) જલવાહકતંતુ (D) જલવાહિની

145 ક્ષ–કિરણોની શોધ કયા વૈજ્ઞાનિકે કરી હતી?

(A) વિલાર્ડ (B) રોંજન (C) રૂધિરફોર્ડ (D) ચેડવિક

146 મનુષ્યના રૂધિરમાં રૂધિરરસનું પ્રમાણ કેટલું હોય છે?

(A) 20% (B) 45% (C) 55% (D) 8%

147 જઠર અને આંતરડામાં કયા પ્રકારની અધિચ્છદ પેશી શોષણ અને સ્ત્રાવ કરવાનું કાર્ય કરે છે?

(A) લાદીસમ (B) સંયુકત (C) પક્ષ્મીય (D) સ્તંભીય

148 નીચે આપેલ રોગ અને તેના લક્ષણની જોડ માંથી કઈ જોડ સાચી છે?

(A) મેલેરિયા–પરસેવા સાથે તાવ આવવો (B) કોલેરા–જઠરમાં સોજો

(C) ડેન્ગ્યુ–આંતરડામાં સોજો (D) ચિકનગુનિયા–પીઠ અને પગની ચામડી પર સોજો

149 એઈડ્સ કોના દ્વારા થાય છે?

(A) ફૂગ (B) પ્રજીવ (C) વાઈરસ (D) બેકટેરિયા

150 સ્વાઈન ફ્લૂની કઈ રસી શોધાઈ છે?

(A) બેરીફલૂ (B) ટેનીફલૂ (C) કેનીફલૂ (D) મેનીફલૂ